# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI

Ref no. PN 2026-27/37 Dt. 20/07/2026

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ અને સ્ટેપટ્રેડ કેપિટલના સંયુક્ત ઉપક્રમે 'ગ્રોથ કેપિટલ અને આઈપીઓ સમિટ 2026' યોજાઇ

## કેપિટલ માર્કેટમાં પ્રવેશવાથી માત્ર ફંડિંગ જ નહીં, પણ ગવર્નન્સ અને ગાઈડન્સ પણ મળે છે

સુરત 20 જુલાઇ 2026: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને સ્ટેપટ્રેડ કેપિટલના સંયુક્ત ઉપક્રમે શનિવારે તા. 18 જુલાઈ 2026ના રોજ સાંજે 05:30 કલાકે, ઉષાકાંત મારફતિયા હોલ, સરસાણા, સુરત ખાતે 'ગ્રોથ કેપિટલ અને આઇપીઓ સમિટ 2026' યોજાઇ હતી, જેમાં સ્ટેપટ્રેડ કેપિટલના ફંડ મેનેજર સીએ અક્ષય દાવરા અને વાલ્મિકી લીલા કેપિટલ પ્રા. લિમિટેડના ડિરેક્ટર સીએ સંદીપ ગુપ્તાએ રોકાણકારોને કેપિટલ ગ્રોથ અને સ્ટોક માર્કેટ લિસ્ટીંગ વિશેની માહિતી આપી હતી.

**કેપિટલ માર્કેટમાં પ્રવેશવાથી માત્ર ફંડિંગ જ નહીં, પણ ગવર્નન્સ અને ગાઈડન્સ પણ મળે છેઃ સીએ અક્ષય દાવરા**

સીએ અક્ષય દાવરાએ જણાવ્યું હતું કે, 'કંપનીને માત્ર તેના નફા (Internal Accruals) થી વધારવી એ સીડી ચઢવા જેવી ધીમી પ્રક્રિયા છે, જ્યારે ગ્રોથ કેપિટલ એ લિફ્ટ જેવું કામ કરે છે જે બિઝનેસને ખૂબ જ ટૂંકા સમયમાં ઊંચાઈ પર પહોંચાડી શકે છે. ગ્રોથ કેપિટલ ધંધામાં તકને મેળવવામાં મદદ મળે છે. કેપિટલને મેળવવામાં યોગ્ય વિકલ્પોની પસંદગી કરવી મહત્વની હોય છે.'

તેમણે વધુમાં ઉમેર્યું કે કેપિટલ માર્કેટમાં પ્રવેશવાથી માત્ર ફંડિંગ જ નહીં, પણ ગવર્નન્સ અને ગાઈડન્સ પણ મળે છે. માર્કેટમાં ટકી રહેવા માટે સમયની સાથે બદલાવવું, યોગ્ય મશીનરીનો ઉપયોગ અને નવા પ્રોડક્ટની શોધ તેમજ ગુણવત્તા જાળવી રાખવી અત્યંત જરૂરી છે. આર્થિક સદ્ધરતાથી બિઝનેસમાં અનેક નવા વિકલ્પો મળે છે.

**ભારતમાં કુલ 7,000 કંપનીઓ લિસ્ટેડ છે. દેશમાં લિસ્ટેડ 600 SME કંપનીઓમાંથી 350 થી વધુ ગુજરાતની છે, જે સુરતના વેપારીઓ માટે મોટી તક દર્શાવે છેઃ સીએ સંદીપ ગુપ્તા**

સીએ સંદીપ ગુપ્તાએ જણાવ્યું હતું કે, ‘સુરત અત્યારે વિશ્વનું ચોથું સૌથી ઝડપથી વિકસતું શહેર છે અને 2035 સુધીમાં તે વિશ્વમાં નંબર વન બનવાની ક્ષમતા ધરાવે છે. સુરતની જીડીપીમાં સતત વૃધ્ધિ થઈ રહી છે. સાથે જ નવી ઈન્ડસ્ટ્રી અને સ્ટાર્ટઅપની શરૂઆત સુરતમાં થઈ રહી છે.

તેમણે આઈપીઓ (IPO) લાવવાના ફાયદાઓ સમજાવતા કહ્યું કે લિસ્ટિંગથી કંપનીની બ્રાન્ડ વિઝિબિલિટી, ક્રેડિબિલિટી અને લિક્વિડિટીમાં વધારો થાય છે, સાથે જ કર્મચારીઓને રીટેન કરવા માટે 'ઈસોપ્સ' (ESOPs) જેવા સાધનોનો પણ લાભ મળે છે. તેમણે નોંધ્યું હતું કે ભારતમાં કુલ 7,000 કંપનીઓ લિસ્ટેડ છે. દેશમાં લિસ્ટેડ 600 SME કંપનીઓમાંથી 350 થી વધુ ગુજરાતની છે, જે સુરતના વેપારીઓ માટે મોટી તક દર્શાવે છે. 50 કરોડથી વધુનું રેવન્યુ ધરાવતી કંપનીઓ પણ SME ના પ્લેટફોર્મ થકી માર્કેટમાંથી ફંડ મેળવી શકાય છે.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ મંત્રી શ્રી પરેશ લાઠિયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગ્રૃપ ચેરમેન શ્રી અનિલ સરાવગીએ કર્યું હતું. ચેમ્બરની આંત્રપ્રિન્યોરશીપ ડેવલેપમેન્ટ કમિટીના ચેરમેન શ્રી ચિત્રાંગ શાહે અને ચેમ્બરની કેપિટલ એન્ડ કોમોડિટી માર્કેટના ચેરમેન શ્રી ઐયુબ યાકુબઅલીએ વક્તાનો પરિચય આપ્યો હતો. અંતે ઉપસ્થિતોને મુંઝવતા તમામ પ્રશ્નોના સંતોષકારક જવાબ વક્તાશ્રીઓ દ્વારા આપવામાં આવ્યા હતા. ચેમ્બરના ગ્રૃપ ચેરમેન શ્રી કમલેશ ગજેરાએ કાર્યક્રમની રૂપરેખા આપી, ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.